CHIPS EXPRESS
પરદેશ પાર્સલ સર્વિસ
M. 9227706105
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૬ | ૨૯ જાન્યુઆરી, ૨૦૨૦, બુધવાર; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પાકને ખતમ કરવા ભારતને ૧૦ દિવસ જ લાગે : મોદી

**પાકિસ્તાનને હરાવવામાં આપણા સૈન્યને ૧૦ દિવસ પણ નહી લાગે : એનસીસીના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીનો હૂંકાર : આપણો પડોશી દેશ ત્રણ લડાઈ હારી ગયું છે, સીએએ વિરોધીઓને પાકિસ્તાનમાં અત્યાચાર નથી દેખાતા, અમે સમસ્યાઓનું સમાધાન ઈચ્છએ છીએ, હવે ટાળવામાં નહી આવે ટકરાવામાં અને જવાબ આપવામાં આવશે**



ન્યુ દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અત્રે આયોજિત એનસીસીના એક કાર્યક્રમમાં દેશની રાજધાની દિલ્હીની ધરતી પરથી પડોશી રાષ્ટ્ર કે જે આતંકવાદને પોષે છે તે પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર ફરી એકવાર લલકારતાં કહ્યું હતું કે આપણે જાણીએ છીએ કે આપણાં પડોશી દેશ આપણી સાથે ત્રણ વખત લડાઈ હારી ચુક્યું છે. અને જો ફરી ભૂલ કરશે તો આપણા સશસ્ત્ર દળોને તેમને( પાકિસ્તાનને) હરાવવામાં ૧૦-૧૨ દિવસથી વધારે સમય નહીં લાગે. અન્ય શબ્દોમાં કહીએ તો પાક. સામે સર્જીકલ સ્ટ્રાઈક અને બાલાકોટ એર સ્ટ્રાઈક કરનાર પીએમ મોદીએ પાકિસ્તાનને ફરીથી લલકારતાં કહ્યું કે ભારત ધારે તો પાકિસ્તાનને માત્ર ૧૦ દિવસમાં જ મસળીને મૂકી દે તેટલી સૈન્ય તાકાત ધરાવે છે.

ભારતે હમણાં જ ૨૬મીએ ૭૧મા પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમ્યાન દેશ અને દુનિયાને પોતાની સૈન્ય શક્તિનો પરિચય આપ્યો હતો. ૨૬મીના કાર્યક્રમ બાદ આજે ૨૮મીએ દિલ્હીમાં નેશનલ કેડેટ કોર્પ્સ (એનસીસી) જવાનોના એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ

● અનુસંધાન પાન-૭ પર

## રાજદ્રોહના આરોપી શરજીલ ઈમામની બિહારથી ધરપકડ

**વિવાદાસ્પદ નિવેદન કર્યા બાદ ભાગતા ફરી રહેલા શરજીલ ઇમામની અંતે ધરપકડ કરાઈ : દિલ્હી, મહારાષ્ટ્ર, બિહારમાં દરોડા**

નવી દિલ્હી,તા. ૨૮

દેશને ટુકડાઓમાં વિભાજિત કરવા જેવા વિવાદાસ્પદ ભાષણ આપ્યા બાદ ફરાર થઈ ગયેલા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી શરજીલ ઈમામની આખરે પોલીસે આજે ધરપકડ કરી લીધી હતી. આસામને ભારતથી અલગ કરવાના ઉશ્કેરણીજનક નિવેદન બાદ શરજીલ સતત ચર્ચામાં આવ્યો હતો અને તેને પકડી પાડવા માટે વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા હતા. છેલ્લા કેટલાક દિવસથી ફરાર રહ્યા બાદ આખરે શરજીલની દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે બિહારના જેહાનાબાદમાંથી તેની ધરપકડ કરી લીધી છે. આ પહેલા તેના ભાઈને પણ પકડી પાડવમાં આવ્યો હતો. ભાઈને પોલીસે કસ્ટડીમાં લીધા બાદ તેની ધરપકડ થઈ હતી. શરજીલની ધરપકડ કરાયા બાદ તેના વકીલે કહ્યું હતું કે, શરજીલે પહેલા શરણાગતિ સ્વીકારી છે ત્યારબાદ તેની ધરપકડ કરાઈ છે. શરજીલે શાહીન બાગ વિસ્તારમાં સીએએના વિરોધમાં પ્રદર્શન દરમિયાન ઉશ્કેરણીજનક



ભાષણ કર્યા હતા. ત્યારબાદથી તે સકંજામાં આવી ગયો હતો. દિલ્હી પોલીસ જેહાનાબાદમાંથી તેને પકડીને હવે દિલ્હી લાવી રહી છે. તેની શોધખોળ માટે પાંચ ટીમો

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી-એનસીઆરમાં વરસાદ

**૩૦મી જાન્યુઆરી સુધી ઠંડી જારી રહે તેવા સંકેત**

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હી અને એનસીઆરમાં સતત બીજા દિવસે આજે વરસાદ જારી રહ્યો હતો. જેના કારણે ઠંડી વધી જવાના સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગના કહેવા મુજબ ૩૦મી જાન્યુઆરી સુધી ઠંડીથી લોકોને રાહત મળનાર નથી. ત્યારબાદ તાપ જોવા મળનાર છે. દિલ્હીમાં કરા પડવાની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે દિવસ દરમિયાન એકાએક ઠંડી વધી જનાર છે. તાપમાનમાં ઘટાડો થવાથી લોકોને કાતિલ ઠંડીનો અનુભવ થનાર છે. દિલ્હીમાં હાલમાં સ્થિતી નહીં સુધરે તેવા સંકેત છે. ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી ફરી એકવાર જોવા મળી રહી છે. ખાસ કરીને પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ચંદીગઢમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસના કારણે દિલ્હી આવતી ટ્રેનો મોડેથી દોડી રહી છે. માર્ગો પર ધુમ્મસના કારણે સવારે મોટી સંખ્યામાં લોકોને અવરજવરમાં તકલીફ પડી હતી. વિઝિબિલિટી ઘટી જવાના કારણે દિલ્હી વિમાનીમથકે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ સમગ્ર ઉત્તર ભારતમાં વધારે વરસાદ થઈ શકે છે. જો કે તાપમાનમાં હાલમાં વધારો થશે.હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં હિમ વર્ષા જારી રહી છે. તાપમાન માઈનસમાં છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમા પણ હાડ ગાળી નાંખે તેવી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પારો ખુબ ગબડી ગયો છે.

## એનપીઆરની નવી ફોર્મેટ મંજુર નથી : નીતિશકુમાર

પટણા, તા. ૨૮

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે કહ્યું હતું કે, એનઆરસીને લઈને તેમનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. બીજી બાજુ નેશનલ પોપ્યુલેશન રજિસ્ટ્રાર (એનપીઆર)ને લઈને કહ્યું હતું કે, આના માટે જે પહેલાથી માપદંડ નક્કી કરવામાં આવ્યા છે તેમને જ આગળ વધારવાની જરૂર છે. નીતિશકુમારે કહ્યું હતું કે, નવી જોગવાઈ ઉમેરવાથી લોકોમાં ભ્રમની સ્થિતિ સર્જાઈ રહી છે. જેડીયુના પીએચડી સ્કોલર શરજીલ ઈમામના મુદ્દા ઉપર નિતીશકુમારે કહ્યું હતું કે, તેઓ સુપ્રીમ કોર્ટના આદેશની રાહ જોશે. એનઆરસીના પ્રશ્ન પર તેમણે કહ્યું હતું કે, એનઆરસીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વડાપ્રધાન મોદી પોતે પણ કહી ચુક્યા છે કે, આના પર કોઈ વાત થઈ નથી. જ્યાં સુધી એનપીઆરની વાત છે તો તે કોઈ નવી વાત નથી. ૨૦૧૧થી આ બાબત ચાલી રહી છે. એનપીઆરમાં જે નવી જોગવાઈઓ ઉમેરવામાં આવી છે તેનાથી ભ્રમની સ્થિતિ થઈ રહી છે. સરકાર જુની ફોર્મેટને યથાવત રાખે તે જરૂરી છે. નીતિશકુમારે કહ્યું હતું કે, એનપીઆરમાં અનેક નવી ચીજો છે જેમાં માતા-પિતાના જન્મની વાત પણ થઈ રહી છે.

## બે વર્ષ બાદ રાબડી દેવી, લાલુ યાદવને હોસ્પિટલમાં મળ્યા

રાંચી,તા.૨૮

બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીએ રાંચીના રાજેન્દ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ પતિ અને આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ સાથે મુલાકાત કરી છે. લગભગ બે વર્ષ પછી પહેલી વખત બેહિરના આ રાજકીય દંપતિએ કલાકો સુધી એક-બીજાની સાથે સમય પસાર કર્યો હતો. આ દરમિયાન તેમની દીકરી મીસા ભારતી પણ ત્યાં હાજર હતી. મુલાકાત બાદ રાબડી દેવી મીડિયાને મળ્યા વગર જ ચાલ્યા ગયા હતા.

સૂત્રોએ જણાવ્યું કે રાબડી દેવી પોતાની દીકરી મીસા ભારતીની સાથે રિમ્સ હોસ્પિટલ પહોંચી હતી. તેમણે પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવ સાથે મુલાકાત કરવા માટે જેલ પ્રશાસન પાસેથી વિશેષ પરવાનગી મેળવી હતી. નોંધનીય છે કે ચારા કૌભાંડના મામલામાં લાલુ રાંચીની બિરસા મુંડા જેલમાં કેદ છે અને ૧૪ વર્ષની સજા ભોગવી રહ્યા છે. છેલ્લા થોડા સમયથી લાલુની તબિયત ઠીક નહીં હોવાના કારણે તેમને રિમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે.

## બેરોજગારીના મુદ્દા પર મોદી નિવેદનો કરતા નથી : રાહુલ

**ગયા વર્ષે કરોડો યુવાનોએ રોજગારી ગુમાવી : જયપુરમાં આક્રોશ રેલીમાં મોદી પર રાહુલના પ્રહારો**

જયપુર, તા. ૨૮

રાજસ્થાનના પાટનગર જયપુરમાં કોંગ્રેસની યુવા આક્રોશ રેલીમાં બોલતા રાહુલ ગાંધીએ આજે મોદી સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અર્થવ્યવસ્થા અને બેરોજગારી માટે કેન્દ્ર સરકાર જવાબદાર છે. યુપીએના શાસનકાળમાં વિકાસદર ૯ ટકા હતો. બીજી બાજુ મોદી સરકાર નવીરીતે જીડીપી ગણે છે ત્યારે આ દર પાંચ ટકા છે. કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતા રાહુલે કહ્યું હતું કે, ૨૧મી સદીના ભારતે પોતાની સંપત્તિ હાલમાં બરબાદ કરી છે. રાહુલે કહ્યું હતું કે, જો મોદી સરકાર જુનીરીતે જીડીપીને ગણે તો ભારતનો વિકાસ દર અઢી ટકા હોઈ શકે છે. આને શરમજનક ગણાવતા કહ્યું હતું કે, યુપીએ સરકારના ગાળા દરમિયાન અમારી સરકાર ગરીબોને પૈસા આપતી હતી જેના



લીધે અર્થવ્યવસ્થા આગળ વધી રહી હતી. અર્થવ્યવસ્થા એ વખતે ચાલે છે જ્યારે ગરીબોના ખિસ્સામાં પૈસા હોય છે જ્યારે તેમના ખિસ્સામાં પૈસા આવે છે ત્યારે ખરીદી કરવામાં આવે છે. મોદી સરકારે ગરીબોના ખિસ્સામાંથી પૈસા કાઢીને ઉદ્યોગપતિઓને આપી દીધા છે. મોદી સરકારે યુપીએ સરકારની યોજનાઓ મનરેગા, ભોજનના અધિકારનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, મોદીએ નોટબંધી કરીને ગરીબોના પૈસા ૧૫થી ૨૦ ઉદ્યોગપતિઓને આપી દીધા હતા. ગરીબોના પૈસા જતા રહેતાની સાથે જ ચીજવસ્તુઓની ખરીદી બંધ થઈ હતી અને બેરોજગારી ૪૫ વર્ષમાં સૌથી ઉંચી સપાટીએ પહોંચી છે.

## જમ્મુ નજીક બીએસએફે ઘૂસણખોરીની શંકાથી પાકિસ્તાનનું ડ્રોન તોડી પાડ્યું

**અનંતનાગમાં એક આતંકવાદીને ઠાર કરાયો, જવાન ઘાયલ**

જમ્મૂ,તા.૨૮

બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોએ સોમવારે રાત્રે એક પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યું છે. બીએસએફના જમ્મુ ફ્રન્ટિયરના આઈજી એનએસ જમ્વાલે જણાવ્યું કે આ ડ્રોન અર્નિયા બેલ્ટ પોસ્ટ પર જોવા મળ્યું હતું. જવાનોને પહેલા કોઈ ઉડતી ચીજ જણાઈ હતી, પરંતુ જ્યારે તેમણે કેમેરાથી જોયું તો ડ્રોન હોવાની જાણ થઈ હતી. ગત નવેમ્બરમાં પંજાબના હુસૈનીવાલા સેક્ટરમાં પાકિસ્તાનના સરહદ વિસ્તારમાં પાક. તરફથી ડ્રોન ઉડાડવાનો કિસ્સો સામે આવ્યો હતો. ત્યારબાદ લશ્કર સતર્ક થઈ ગયું છે.

આ ઘટનાઓ અગાઉ લશ્કરે જણાવ્યું હતું કે પાકિસ્તાન વિરુદ્ધ ખાલિસ્તાનના આતંકી સંગઠને ૮ ડ્રોન વડે ૮૦ કિલો હથિયાર સરહદ પાર મોકલ્યા હતા. ત્યારબાદ બીએસએફે હુસૈનીવાલા ચેક પોસ્ટ નજીક પાંચ વખત ડ્રોન ઉડતું જોયું હતું. જેમાં ચાર વખત પાકિસ્તાન સરહદની અંદર અને એક વખત ભારતીય સરહદની અંદર જોવા મળ્યું હતું. બીએસએફે સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું.

દરમિયાન કાશ્મીરના અનંતનાગ જિલ્લાના બિજબેહરા વિસ્તારમાં સોમવારે એક સુરક્ષાકર્મી સાથે અથડામણમાં એક આતંકવાદી ઠાર કરાયો હતો. આ કાર્યવાહીમાં લશ્કરનો એક જવાન પણ ઈજાગ્રસ્ત થયો હતો. સુરક્ષાદળોએ આ ઓપરેશનમાં મોટાપાયે હથિયારો કબ્જે કર્યા હતા.

### બારામુલ્લામાંથી લશ્કર-એ-તૈયબનો આતંકવાદી ઝડપાયો

જમ્મુ કશ્મીરમાં સિક્યોરિટી દળોએ છેલ્લા ચોવીસ કલાકમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવી હતી. આજે મંગળવારે સવારે બારામુલ્લા જિલ્લાના અંદ્રેગામ પટ્ટનથી લશ્કર-એ-તૈયબનો બીજો એક આતંકવાદી જીવતો ઝડપાયો હતો. પ્રવક્તાએ જણાવ્યા મુજબ ૧૯ વર્ષના આ આતંકવાદીની ઓળખ સાજિદ ફારુખ ડાર તરીકે મળી હતી. એ બારામુલા વિસ્તારનો રહેવાસી છે.

## શુક્રવાર અને શનિવારે બેંક હડતાળ : બે દિવસ બેંક બંધ રહેશે

નવી દિલ્હી, તા.૨૮

બેંકિંગના જરૂરી કામોને આગામી બે દિવસમાં પૂર્ણ કરવાની જરૂરિયાત દેખાઈ રહી છે. ગુરુવાર સુધી બેંક કામોને પૂર્ણ કરવા નિષ્ણાત લોકોએ સલાહ આપી છે. કારણ કે શુક્રવાર અને શનિવારના દિવસે બેંકોની હડતાળ છે. એટલે કે, બેંકની કામગીરી ખોરવાયેલી રહેશે. ૩૧મી જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીના દિવસે બેંકોની હડતાળની તારીખ ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે, ૩૧મી જાન્યુઆરીના દિવસે આર્થિક સર્વે અને પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવામાં આવનાર છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે પ્રથમ શનિવાર છે. એ દિવસે બેંકો બંધ રહેશે. ફેબ્રુઆરી મહિનામાં બેંકોની કામગીરીના દિવસો વધુ ઘટી જશે. ત્રણ દિવસ સુધી બેંકોની કામગીરી ઠપ રહે છે તો જાન્યુઆરી મહિનામાં પગારમાં વિલંબ થઈ શકે છે. એટીએમમાં રોકડ રકમની તકલીફ થઈ શકે છે જેથી પોતાની પાસે રોકડ વ્યવસ્થા રાખવા માટેની જરૂર દેખાઈ રહી છે. જાન્યુઆરી ૨૦૨૦માં બેંકો દ્વારા બીજી વખત હડતાળ પાડવામાં આવી રહી છે. આ પહેલા ૮મી જાન્યુઆરીના દિવસો ભારત બંધ વેળા પણ છ બેંક કર્મચારી યુનિયન દ્વારા હડતાળ પાડવામાં આવી હતી જેના લીધે મોટા ભાગની બેંકો બંધ રહી હતી.

## સીએએ વિરુદ્ધના પ્રસ્તાવ અંગે લોકસભા સ્પીકરે યુરોપિયન યુનિયનને પત્ર લખ્યો

**આ કાયદો પડોશી દેશમાં અત્યાચારનો ભોગ બનેલા લોકોને નાગરિકતા આપવા માટે છે : ઓમ બિરલા**

ન્યુ દિલ્હી,તા.૨૮

નાગરિકતા સંશોધન કાયદા વિરૂદ્ધ પ્રસ્તાવ લાવવાને લઈને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ યુરોપિયન યુનિયન સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે યુરોપિયન સંસદને પત્ર લખીને પુનર્વિચાર કરવા જણાવ્યું છે. આ પત્રમાં સ્પીકરે સીએએના મહત્વને સમજાવતા જણાવ્યું છે કે, આ કાયદો પડોશી દેશોમાં ધાર્મિક અત્યાચારનો ભોગ બનેલા લોકોને સરળતાની નાગરિક્તા આપવા માટે છે. આ કાયદામાં કોઈની નાગરિક્તા પર તરાપ મારવામાં નહીં આવે. યુરોપિયન સંસદના અધ્યક્ષ ડેવિટ મારિયા સસૌલીને લખવામાં આવેલા પત્રમાં સ્પીકર બિરલાએ લખ્યું છે કે, આ કાયદો અમારા પડોશી દેશોમાં ધાર્મિક અત્યાચારનો ભોગ બનેલા લોકોને સરળતાથી નાગરિક્તા આપવા માટે છે. તેનો હેતુ કોઈની પણ નાગરિક્તા છીનવવા માટેનો નથી. ભારતીય સંસદના બન્ને ગૃહોમાં ચર્ચા બાદ આ કાયદાને અમલમાં મૂકવામાં આવ્યો છે. બિરલાએ યુરોપિયન સંસદને ભારતમાં બનાવવામાં આવેલા કાયદાનું

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

UK SPOT ASSESSMENT
Tomorrow 10-1
Ulster University
Northumbria University NEWCASTLE
University of Roehampton London
SOLENT UNIVERSITY SOUTHAMPTON
• 2years Post Study Work
In partnership with QA
• Intake : May / Sept • With / Without IELTS
PYRAMID OVERSEAS EDUCATION CONSULTANTS
80000 55306, 2749 7551
301 Sankalp Square, Drive-in Road, A'bad